# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯ તા.૩૦-૪-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઉનાળુ વેકેશન,વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા તથા જુના પાઠયપુસ્તકો અંદરોઅંદર તબદીલ કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૦/૨૬૬૫-૨૭૨૧ તા.૨૭-૦૪-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે......

**A ઉનાળુ વેકેશન અને પરિણામપત્રકો :-**

તા.૪-૫-૨૦૨૦ થી તા.૭-૬-૨૦૨૦ સુધીના ૩૫ દિવસના ઉનાળુ વેકેશન રહેશે. તા.૮-૬-૨૦૨૦ના રોજ નવું શૈક્ષણિક વર્ષ શરૂ થશે. કોરોના મહામારીના કારણે સત્ર શરૂ થવાની તારીખમાં ફેરફાર કરવાનો થશે તો તેની જાણ અલગથી કરવામાં આવશે.

વાર્ષિક પરીક્ષાના પરિણામની કામગીરી પરિપત્ર નં.૭ તા.૨૩-૦૪-૨૦૨૦ મુજબ કરવાની રહેશે. પરિણામ પત્રકની ચકાસણી નવા શૈક્ષણિક સત્ર(તા.૮-૦૬-૨૦૨૦થી)ના પ્રારંભે જે-તે બિટ સુપરવાઈઝરશ્રી પાસે કરાવવાની રહેશે.

**B પ્રશ્નપત્ર વિતરણ :-**

માન. શિક્ષણમંત્રીશ્રી દ્વારા આપવામાં સૂચનાઓ અનુસાર કોરોના વાયરસની મહામારીને કારણે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં તા.૧૬-૦૩-૨૦૨૦થી શૈક્ષણિક કાર્ય બંધ છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ સ્ટડી ફ્રોમ હોમ સંકલ્પ મુજબ ઘરેથી અભ્યાસ કરી રહ્યા છે. સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પરીક્ષાઓ લેવામાં આવેલ નથી.પરીક્ષાના સંદર્ભે પ્રશ્નપત્રો છપાઈ ગયેલ છે. તેથી વિદ્યાર્થી સુધી પહોંચાડવામાં આવેલ સ્ટડી ફ્રોમ હોમ મટીરીયલના મૂલ્યાંકનના ભાગ રૂપે પ્રશ્નપત્રોના બંડલ તથા જરૂરી સંખ્યામાં ઉત્તરવહીઓને તા.૨૮ અને તા.૨૯ એપ્રિલના રોજ જે-તે ઝોન ઓફિસમાં પહોંચાડવામાં આવનાર છે.**(મધ્ય ઝોન તથા ઉર્દૂ ઝોનની શાળાઓ સિવાય)** બાકીના તમામ છ ઝોનની શાળાઓએ પોતાની ઝોન ઓફિસ ખાતેથી પ્રશ્નપત્રોના બંડલ તથા ઉત્તરવહીઓ મેળવવાની રહેશે.

તા.૦૧-૦૫-૨૦૨૦ ના રોજ તમારી ઝોન ઓફિસથી તમારી શાળા**(મધ્ય ઝોન તથા ઉર્દૂ ઝોનની શાળાઓ સિવાય)** માટેના પ્રશ્નપત્રોના બંડલ તથા જરૂરી ઉત્તરવહીઓ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક દરમ્યાન મેળવી લેશો. **તમારી શાળાના જે-તે ધોરણ(ધોરણ-૩ થી ૮) ના તમામ વિષયના પ્રશ્નપત્રો તથા ઉત્તરવહીઓના સેટ બનાવીને ધોરણ-૩ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને તા.૨-૫-૨૦૨૦ સુધીમાં પહોંચાડવાના રહેશે**. વિદ્યાર્થીઓએ તા.૪-૫-૨૦૨૦ થી તા.૭-૬-૨૦૨૦ સુધીના ૩૫ દિવસના ઉનાળુ વેકેશન દરમ્યાન તમામ પ્રશ્નપત્રોને વિષયવાર ઉત્તરવહીમાં લખીને નવા શૈક્ષણિક વર્ષમાં (તા.૮-૬-૨૦૨૦થી શરૂ થનાર) શાળાકક્ષાએ જમા કરાવવાના રહેશે.

પ્રશ્નપત્રો લેવા જાવ ત્યારે તથા વિદ્યાર્થીઓને વિતરણ કરતી વખતે સ્વની કાળજી રાખીને તથા વિદ્યાર્થીઓની પણ કાળજી લેતા તમામ લોકોએ જરૂરી માસ્ક પહેરવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો તથા તમામ તબક્કે સોશીયલ ડીસ્ટન્સીંગનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. બિન જરૂરી ભીડ ઉભી ન થાય તેવું આયોજન કરવું.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**<u>C વિદ્યાર્થીઓના જુના પાઠયપુસ્તકો અંદરોઅંદર તબદીલ કરવા :- (મધ્ય ઝોન તથા ઉર્દૂ ઝોનની શાળાઓ સિવાય)</u>**

ગત્ વર્ષે વિદ્યાર્થીઓને આપવામાં આવેલ પાઠયપુસ્તકોની મદદથી વિદ્યાર્થીઓ વેકેશનમાં જે-તે ધોરણનો પ્રાથમિક અભ્યાસ કરી શકે તે માટે શાળામારફતે અથવા વિદ્યાર્થીઓ અંદરોઅંદર તા.૨-૫-૨૦૨૦ સુધીમાં પુસ્તકો તબદીલ કરે તેવી સૂચના તમામ વિદ્યાર્થીઓ આપવી.

દા.ત. :-ચાલુ વર્ષમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમના પુસ્તકો હાલના ધોરણ-૭ના વિદ્યાર્થીઓને આપે,

ચાલુ વર્ષમાં ધોરણ-૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમના પુસ્તકો હાલના ધોરણ-૬ના વિદ્યાર્થીઓને આપે

આ મુજબ તમામ ધોરણના વિદ્યાર્થીઓને હાલના જુના પાઠયપુસ્તકો નવા સત્ર માટે વેકેશન દરમ્યાન અભ્યાસઅર્થે અંદરોઅંદર તબદીલ કરાવવા.

પાઠયપુસ્તકો તબદીલ કરો ત્યારે તથા વિદ્યાર્થીઓને વિતરણ કરતી વખતે સ્વની કાળજી રાખીને તથા વિદ્યાર્થીઓની પણ કાળજી લેતા તમામ લોકોએ જરૂરી માસ્ક પહેરવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો તથા તમામ તબકકે સોશીયલ ડીસ્ટન્સીંગનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. બિન જરૂરી ભીડ ઉભી ન થાય તેવું આયોજન કરવું.

નોંધ :-

૧. અમદાવાદ શહેરમાં કોરોના હોટસ્પોટ, કવોરેન્ટાઈન એરિયા તથા રેડ ઝોન એરિયામાં આવતી તમામ શાળાઓ તથા તમારા ધ્યાનમાં કોરોના સંદર્ભે સેન્સેટીવ એરિયા લાગતો હોય તેવા વિસ્તારની શાળાઓ તથા વિદ્યાર્થીઓ માટે (**<u>B) પ્રશ્નપત્ર વિતરણ તથા (C) વિદ્યાર્થીઓના જુના પાઠયપુસ્તકો અંદરોઅંદર તબદીલ કરવાની સૂચનાનું પાલન કરવાનું રહેશે નહીં.</u>**

૨. જે શાળા પરીવારમાંથી કોઈ શિક્ષક, મુખ્ય શિક્ષક, પા.પા.કે પગી કોરોના પોઝેટીવ આવ્યા હોય તે શાળાઓએ (**<u>B) પ્રશ્નપત્ર વિતરણ તથા (C) વિદ્યાર્થીઓના જુના પાઠયપુસ્તકો અંદરોઅંદર તબદીલ કરવાની સૂચનાનું પાલન કરવાનું રહેશે નહીં.</u>**

૩. જે શાળામાં અભ્યાસ કરતા કોઈપણ વિદ્યાર્થી કે તેના પરીવારના કોઈ સભ્યને કોરોના પોઝેટીવ આવ્યો હોય તેવા વિદ્યાર્થીને (**<u>B) પ્રશ્નપત્ર વિતરણ તથા (C) વિદ્યાર્થીઓના જુના પાઠયપુસ્તકો અંદરોઅંદર તબદીલ કરવાની</u>** પ્રવૃત્તિમાં જોડવા નહીં.

તા.૩૦-૦૪-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી